
# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



## મહેનતુ લુહાર અને ન્યાયનો હંસ

વારતા રે વારતા

એક સમયે સરસ્વતી નદીના કિનારે વસેલા એક નાના પણ રળિયામણા ગામમાં રામજી નામનો એક લુહાર રહેતો હતો. રામજીના હાથમાં જાણે જાદુ હતો. જ્યારે તે તેની કોઢમાં (વર્કશોપમાં) એરણ પર હથોડાના ઘા મારતો, ત્યારે આખા ગામમાં તેનો લયબદ્ધ અવાજ ગુંજી ઉઠતો. રામજી માત્ર લોખંડને ટીપતો જ નહોતો, પણ તે લોખંડમાં પ્રાણ પૂરતો હતો.

ગામના ખેડૂતો માટે તે મજબૂત હળ બનાવતો, ગૃહિણીઓ માટે ચીપિયા અને તાવડી બનાવતો, અને બાળકો માટે ક્યારેક નાની ભમરડીઓ પણ બનાવી આપતો. રામજીનો એક જ નિયમ હતો: “કામ એ જ પૂજા.” તે ક્યારેય કોઈની પાસેથી ખોટા પૈસા લેતો નહીં અને હંમેશા ગરીબોની મદદ કરતો. એક વર્ષે ગામમાં ભારે વરસાદ પડ્યો. ખેતીનું કામ ઠપ્પ હતું, તેથી રામજી પાસે ઓજારો બનાવવાનું ખાસ કામ નહોતું. નવરાશના સમયે તેણે વિચાર્યું કે, “હું હંમેશા લોકોની જરૂરિયાત પૂરી કરું છું, પણ આજે મારે મારી અંતરાત્માના સંતોષ માટે કંઈક બનાવવું છે.”

તેણે ભઠ્ઠી સળગાવી. ધમણમાંથી આવતી હવાએ કોલસાને લાલચોળ કરી દીધા. રામજીએ લોખંડના મજબૂત ટુકડા લીધા અને તેને ગરમ કર્યા. કલાકોની મહેનત, અસંખ્ય હથોડાના ઘા અને ઝીણવટભર્યા કોતરકામ પછી, તેણે એક અદભૂત ‘લોખંડનો હંસ’ તૈયાર કર્યો. એ હંસની એક-એક પાંખ એટલી આબેહૂબ હતી કે તેને જોઈને લાગે કે હમણાં જ તે આકાશમાં ઉડાન ભરશે. રામજીએ તેની આંખોમાં બે ચમકતા પથ્થરો જડ્યા, જેનાથી હંસ જીવંત જેવો દેખાવા લાગ્યો. ગામમાં મણિલાલ નામનો એક વેપારી રહેતો હતો. મણિલાલ ખૂબ જ ધનવાન હતો, પણ તેનો લોભ તેના ધન કરતાં પણ મોટો હતો. તે હંમેશા ગરીબ કારીગરોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેમની વસ્તુઓ સસ્તામાં પડાવી લેતો અને શહેરમાં જઈને ઊંચા ભાવે વેચતો.

એક સાંજે મણિલાલ રામજીની કોઢ પાસેથી પસાર થયો. તેની નજર પેલા લોખંડના હંસ પર પડી. હંસની સુંદરતા જોઈને વેપારીની આંખો ફાટી ગઈ. તેણે મનમાં ગણતરી માંડી, “જો આ હંસ હું રાજાના દરબારમાં લઈ જાઉં, તો મને સોનામહોરો મળે!” તે રામજી પાસે ગયો અને બોલ્યો, “અરે રામજી! આ શું નકામું રમકડું બનાવીને બેઠો છે? લોખંડ તો ખેતર ખેડવામાં કામ આવે, આવા હંસ પાછળ સમય બગાડાય? ચાલ, તારો સમય બગડ્યો છે એટલે દયા ખાઈને હું તને પાંચ સિક્કા આપું છું, આ હંસ મને આપી દે.” રામજી મણિલાલની દાનત સમજી ગયો હતો. તેણે શાંતિથી કહ્યું, “શેઠ, આ હંસ વેચવા માટે નથી. આ મારી મહેનત અને કળાનું પ્રતીક છે. અને હા, એક વાત યાદ રાખજો, આ હંસ સાધારણ નથી. આ એક ‘ન્યાયી હંસ’ છે. જે વ્યક્તિ અપ્રામાણિક હોય અથવા જેણે બીજાનું દિલ દુભાવ્યું હોય, આ હંસ તેને ક્યારેય છોડતો નથી.” મણિલાલ ખડખડાટ હસવા લાગ્યો.

“લોખંડ તે વળી ન્યાય કરતું હશે? તું તારા વહેમ તારી પાસે રાખ. આ લે દસ સિક્કા!” એમ કહી મણિલાલે બળજબરીથી પૈસા ફેંક્યા અને હંસ ઉપાડીને પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો. મણિલાલ હજી અડધે રસ્તે જ પહોંચ્યો હતો ત્યાં જ તેને રસ્તામાં ગામનો એક ગરીબ ખેડૂત મળ્યો. વેપારીએ પેલા ખેડૂત પાસે જૂના દેવાની ઉઘરાણી કરી અને તેને ધમકાવવા લાગ્યો. તે ખોટું બોલ્યો કે ખેડૂતે તેને વધારે વ્યાજ આપવાનું બાકી છે. જેવો મણિલાલે ખોટું બોલીને ખેડૂત પર હાથ ઉપાડ્યો, ત્યાં જ તેના થેલામાં રહેલો લોખંડનો હંસ અચાનક અત્યંત ભારે થઈ ગયો. મણિલાલને લાગ્યું જાણે તેના ખભા પર મણ જેટલું વજન આવી ગયું હોય! હંસની અણીદાર ચાંચ તેના કપડામાં એવી રીતે ફસાઈ ગઈ કે મણિલાલ હલી પણ શકતો નહોતો. તે જેટલો જોરથી બૂમો પાડે, હંસનું વજન તેટલું જ વધતું જાય. આજુબાજુના લોકો ભેગા થઈ ગયા. મણિલાલ સમજી ગયો કે રામજીની વાત સાચી હતી. તે લથડતા પગે પાછો રામજી પાસે પહોંચ્યો અને તેના પગમાં પડી ગયો. “રામજી! મને માફ કર. મેં તારી કળાનું અપમાન કર્યું અને તને છેતર્યો. આ તારો હંસ પાછો લઈ લે, આનું વજન મને મારી નાખશે!” મણિલાલે રડતા રડતા કહ્યું.

રામજીએ હસીને હંસના માથા પર હાથ ફેરવ્યો. તરત જ હંસ હલકોફુલકો થઈ ગયો. મણિલાલે રામજીને તેની કળાની યોગ્ય કિંમત ચૂકવી અને તે દિવસથી કોઈને પણ છેતરવાનું બંધ કરી દીધું. આખું ગામ રામજીની કળા અને તેની સચ્ચાઈના ગુણગાન ગાવા લાગ્યું.

## શું તમે જાણો છો સ્વિટ્ઝર્લેન્ડમાં ગાયના ગળામાં ઘંટ કેમ બાંધવામાં આવે છે?




જો તમે ક્યારેય સ્વિટ્ઝર્લેન્ડ અથવા તો બીજા આલ્પાઇન દેશના પહાડી વિસ્તારમાં ફરવા માટે ગયા હોવ તો તમને ખુલ્લા મેદાનમાં ગાયો ચરતી જોવા મળતા હોય છે. જો તમે ધ્યાનથી જોયું હોય તો તમને ગાયના ગળામાં મોટી ઘંટડી બાંધેલી જોવા મળે છે. તો આવો જાણીએ કે અહીં ગાયના ગળામાં ઘંટડી કેમ બાંધવામાં આવે છે?

આલ્પાઇન પ્રદેશમાં સામાન્ય રીતે ગાય ખુલ્લા મેદાનોમાં છૂટથી ચરી શકે છે. અહીં ધુમ્મસ, ગાઢ જંગલ અને ઉબડખાબડ જમીનને કારણે જાનવરોને જોવા મુશ્કેલ હોય છે. જો કે ગાયના ગળામાં બાંધવામાં આવેલ ઘંટડીને કારણે સતત અવાજ આવતો રહેતો હોય છે. જેનાથી ખેડૂતને ગાય ક્યાં ચરી રહી છે તેની જાણ રહે છે.

ગાયના ગળામાં બાંધેલી ઘંટડીને કારણે ગાયના ધણનું તાલમેલ બનાવી રાખવામાં મદદ મળી રહે છે. સામાન્ય રીતે સૌથી આગળ રહેતી ગાય અથવા તો જે ગાય મોટી હોય તેના ગળામાં સૌથી મોટી ઘંટડી બાંધવામાં આવે છે, અને બીજી બધી ગાય તે અવાજની આસપાસ અથવા આગળ પાછળ રહે અને ચરે છે. ગાયની ઘંટડીનો અવાજ કોઈ મુશ્કેલીનો પણ સંકેત આપી શકે છે. જો કોઈ ગાય અચાનક દોડવા લાગે, અથવા કોઈ જગ્યાએ ફસાઈ જાય અથવા તો સરખી રીતે ચાલી ન શકે તો ઘંટડીનો અવાજ બદલાઈ જાય છે. જેના પરથી ખેડૂતને ખ્યાલ આવી જાય છે કે ગાયની આસપાસ કંઈક ગડબડ છે, જેનાથી ગોવાળ તે ગાય પાસે ઝડપથી પહોંચીને તેને બચાવી શકે છે. દરેક ગાયના ગળામાં બાંધેલી ઘંટડી નાની મોટી હોય, વજન અને મટીરિયલને આધારે થોડી અલગ અવાજ આવતો હોય છે. જેને કારણે ખેડૂત પોતાની ગાયોના ધણને સરળતાથી ઓળખી શકે છે. જોકે મોટાભાગે તે ઘંટડીના અવાજ પરથી જ ગોવાળ ગાયને ઓળખી લેતો હોય છે કે ગાય ક્યાં છે. જોકે બીજા પહાડી વિસ્તારમાં ગાયનો શિકાર કરવા માટે વરુ અને રીંછ જેવા શિકારી પ્રાણીઓ ફરતા હોય છે અને શિકાર કરતા હોય છે. જ્યારે જ્યારે ઘંટડીનો અવાજ ઝડપથી અથવા એકધારો આવવાથી જંગલી જાનવરોને ધણ પાસે નથી આવવા દેતો. આવી રીતે ગાયના ગળામાં રહેલ ઘંટડીના અવાજ પરથી પહાડી રસ્તાઓ પર જતા હાઈકર્સ અને ટૂરિસ્ટ લોકો જાણી શકે કે કોઈ ઢોર આસપાસ છે.



### હેપ્પી બર્થડે




નામ : સમ્રાટ દુધાત
માતા : નેહા દુધાત





નામ : વિહાન ચૌધરી
માતા : રાધા ચૌધરી

### રસ્તો શોધો



### તફાવત શોધો





### ટપકાં જોડો



### PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

#### SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 3 | | 2 | | 4 | = | 8 |
| 2) | 3 | | 1 | | 2 | | 4 | = | 2 |
| 3) | 4 | | 2 | | 1 | | 3 | = | 5 |

#### CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| M | A | D |
| | | |
| | | |
| T | A | R |

#### CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 4 |
| 7 | | |
| | | 2 |

(વર્તુળ: 19, 13, 25, 15)

#### BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને વીજળીને સંબંધિત જુદા જુદા 7 શબ્દો બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| ROL | ODE | CU | CTS | ENT |
| CY | FU | DI | ER | |
| GY | DU | CO | SE | |
| NT | EN | RR | CLE | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 2 |

જવાબ
1. FUSE
2. CYCLE
3. DIODE
4. DUCTS
5. ENERGY
6. CONTROL
7. CURRENT

#### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 3 | ÷ | 2 | × | 4 | = | 8 |
| 2) | 3 | × | 1 | × | 2 | - | 4 | = | 2 |
| 3) | 4 | ÷ | 2 | × | 1 | + | 3 | = | 5 |

Q 2

| | | |
|---|---|---|
| M | A | D |
| P | A | D |
| P | A | R |
| T | A | R |

Q 3

| | | |
|---|---|---|
| 6 | 5 | 4 |
| 7 | 1 | 3 |
| 8 | 9 | 2 |

(વર્તુળ: 19, 13, 25, 15)

### શબ્દો પૂરો

